# તમારી તબીબી સંભાળની કિંમત કેટલી હશે તેની માહિતી આપતો "ગુડ ફેઇથ એસ્ટિમેટ" મેળવવાનો તમને અધિકાર છે

કાયદા હેઠળ, આરોગ્ય સંભાળ પ્રદાતાઓએ દર્દીઓ કે જેમની પાસે વીમો નથી અથવા જેઓ વીમાનો ઉપયોગ કરતા નથી તેમને તબીબી વસ્તુઓ અને સેવાઓ માટેના બિલનો અંદાજ આપવો જોઈએ.

- તમને કોઈ પણ બિન-કટોકટીની વસ્તુઓ અથવા સેવાઓની કુલ અપેક્ષિત કિંમત માટે ગુડ ફેઇથ એસ્ટિમેટ મેળવવાનો અધિકાર છે. આમાં તબીબી પરીક્ષણો, પ્રિસ્ક્રિપ્શન દવાઓ, ઉપકરણો અને હોસ્પિટલ ફી જેવા સંબંધિત ખર્ચનો સમાવેશ થાય છે.

- ખાતરી કરો કે તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા તમને તબીબી વસ્તુ અથવા તમારી સેવા શરૂ થયાના ઓછામાં ઓછા 1 વ્યવસાયિક દિવસ પહેલા લેખિતમાં ગુડ ફેઇથ એસ્ટિમેટ આપે. તમે તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા અને તમે પસંદ કરો છો તે અન્ય કોઈ પણ પ્રદાતાને કોઈ વસ્તુ અથવા સેવાને નિર્ધારિત કરતા પહેલા ગુડ ફેઇથ એસ્ટિમેટ માટે પૂછી શકો છો.

- જો તમને એવું બિલ મળે કે જે તમારા ગુડ ફેઇથ એસ્ટિમેટ કરતાં ઓછામાં ઓછું $400 વધુ છે, તો તમે બિલ સામે વાંધો ઉઠાવી શકો છો.

- તમારા ગુડ ફેઇથ એસ્ટિમેટની નકલ અથવા ફોટાને સાચવવાની ખાતરી કરો.

ગુડ ફેઇથ એસ્ટિમેટ અથવા વિવાદ પ્રક્રિયા માટેના તમારા અધિકાર વિશે પ્રશ્નો અથવા વધુ માહિતી માટે www.cms.gov/nosurprisesની મુલાકાત લો અથવા 1-877-696-6775 પર કોલ કરો.